નાના બાળકોને જિનશાસનના રંગમાં રંગતી

# તુ રંગાઈ જા ને રંગમાં

૬

(રંગપૂરણી ચિત્રવાર્તાઓ)



પૂર્ણાનંદ પ્રકાશન
અમદાવાદ

વ્હાલાં બાળકો !

'તું રંગાઈ જાને રંગમાં' પુસ્તિકાનો છઠ્ઠો અંક તમારા હાથમાં આવી રહ્યો છે. આનંદ થશે વેકેશનની રજાઓમાં રંગપૂરીને જ્ઞાન અને કલાનો વિકાસ કરજો. સાથે સાથે જીવનમાં પણ સદ્‌સંસ્કારના સુંદર રંગ પૂરજો.

પરીક્ષા પૂરી થઈ ગઈ હશે. પરિણામ પણ સારું લાવવા પ્રયત્નો કર્યા હશે. હવે વેકેશનમાં રોજ ધાર્મિક અભ્યાસ કરજો.

આ પુસ્તિકામાં શ્રી અરવિંદભાઈ (મહાસુખનગર - અમદાવાદ) એ વાર્તાઓ લખી મોકલી છે. તેમનો ખૂબ ખૂબ આભાર સંસ્થા માને છે.

આ પુસ્તિકાના માધ્યમે કોઈ ને કોઈ ગુણ વિકાસ તમારા જીવનમાં થાય તેવી શ્રદ્ધા સાથે - પૂર્ણાનંદ પ્રકાશન

**સ્પર્ધા નં.: ૬**

- ૬ નંબરની પુસ્તિકાના આધારે જ જવાબો આપવાના છે.
- જવાબ મોકલવાની છેલ્લી તા. ૦૦-૦-૨૦૦૯

બાકીનાં સૂચનો પહેલાની જેમજ જાણવાં.

**-: પ્રશ્નો :-**

૧. લાભથી શું વધે ?
૨. ધનસારશ્રેષ્ઠીને પ્રભુપૂજા કરતાં કોણ હાજર થયું ?
૩. અમૃતલાલ શેઠે કોના જીવન બદલ્યા ?
૪. માતા-પિતાને તીર્થ માની પ્રદક્ષિણા કોણે આપી ?
૫. નિરપરાધી પશુપક્ષીને મારવાની ના કોણે પાડી ?
૬. જગતમાં સૌથી મોટું દુઃખ કયું ?
૭. કુમારપાલ રાજા દરવર્ષે સાધર્મિક ભક્તિમાં કેટલું દ્રવ્ય વાપરતા ?
૮. પ્રભુધ્યાનના નિયમથી સંત કોણ બન્યા ?
૯. ભગવાને કયા ભક્તની વાત સાંભળી ?

**"તું રંગાઈ જાને રંગમાં" પ્રથમ વર્ષની ૧ થી ૪ પુસ્તિકાના આધારે લેવાયેલ પરીક્ષાનું પરિણામ (જવાબો ૫ નંબરની પુસ્તિકામાં આપેલા છે.**

**સૌજન્ય :- અશ્વિનાબેન (નીરવ પ્રકાશન)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | **પ્રથમ શ્રેણી વિજેતા (૫૦ માર્કસ)** | | | ૧. | સંયમ શૈલેશભાઇ શાહ | નાણાવટ, સુરત |
| ૨. | ભવ્ય વિપુલભાઇ શાહ | પાદરા | | ૩. | શ્રેયાબેન ભાવેશકુમાર શાહ | ઊંઝા |
| ૪. | રીયા ભાવેશકુમાર મહેતા | સોઢાનો ડેલો, જામનગર | | ૫. | જીત યોગેશભાઇ શાહ | દેવબાગ શેરી, જામનગર |
| ૬. | પરમ યોગેશભાઇ શાહ | શાંતિનગર, અમદાવાદ | | ૭. | મીત યોગેશભાઇ શેઠ | વેજલપુર, અમદાવાદ |
| ૮. | હર્ષ નિકેશભાઇ દોશી | ન્યુ રાદેર રોડ, સુરત | | ૯. | આર્ચી સંદીપભાઇ શાહ | નારણપુરા, અમદાવાદ |
| ૧૦. | મીત કમલેશભાઇ શાહ | નાણાવટ, સુરત | | ૧૧. | સમર્થ સમીરભાઇ શાહ | નાણાવટ, સુરત |
| ૧૨. | પાર્થ કમલભાઇ શાહ | નાણાવટ, સુરત | દ્વિ | ૧૩. | સમક્તિ દિલીપભાઇ શાહ | અડાજણ પા. સુરત |
| ૧૪. | નૈસર્ગી હિમાંશુભાઇ શાહ | નવરંગપુરા, અમદાવાદ | તી | ૧૫. | કમલેશકુમાર શકરચંદ શાહ | ઘાટલોડીયા, અમદાવાદ |
| ૧૬. | હેતવી સંજીવભાઇ ચોકસી | કુંથુનાથ-પાલડી, અમદાવાદ | ય | ૧૭. | ભવ્ય સૌરભભાઇ શાહ | વાસણા, અમદાવાદ |
| ૧૮. | મોહિત મનોજભાઇ સંઘવી | રામકુવા, જામનગર | શ્રે | ૧૯. | નિસર્ગ શ્રેણિકકુમાર શાહ | નારણપુરા, અમદાવાદ |
| ૨૦. | મોક્ષીત મનીષભાઇ કોફરીયા | નારણપુરા, અમદાવાદ | ણી | ૨૧. | રચિત કેતનભાઇ ગાંધી | પાલડી, અમદાવાદ |
| ૨૨. | હેલી મુકેશભાઇ શાહ | શાસ્ત્રીનગર, અમદાવાદ | | ૨૩. | કલશ અભયકુમાર શાહ | આશા, ન. નવસારી |
| ૨૪. | કલા પિનલભાઇ ઝવેરી | ઘડીયાળી પોળ, વડોદરા | (૪૯ | ૨૫. | જીકેશભાઇ કે. શાહ | નારણપુરા, અમદાવાદ |
| ૨૬. | દર્શિલ હિરેનકુમાર શાહ | નવાવાડજ, અમદાવાદ | માર્કસ) | ૨૭. | ઋષભ જસવંતભાઇ મહેતા | અડાજણ પા. સુરત |
| ૨૮. | કશીશ હિરલભાઇ શાહ | ભૂયંગદેવ, અમદાવાદ | | | | |
| ૨૯. | હર્ષિલ રાજેશભાઇ ગુઢકા | કામદાર કો. જામનગર | તૃ | ૩૦. | સ્મિત રાજેન્દ્રકુમાર શાહ | ના. નગર, અમદાવાદ |
| ૩૧. | આગમ શૈલેશભાઇ શાહ | સૈજપુર બોઘા, અમદાવાદ | તી | ૩૨. | યાત્રી જે. શાહ | વિમલનાથ એપા. જામનગર |
| ૩૩. | રોનિલ જતીનકુમાર શાહ | નારણપુરા, અમદાવાદ | ય | ૩૪. | પાર્થ અશોકકુમાર શાહ | અડાજણ, સુરત |
| ૩૫. | જય નિલેશકુમાર શાહ | જોગાણીનગર, સુરત | | ૩૬. | હેત સંદીપકુમાર ભાવસાર | નાની છીપવાડ, વડોદરા |
| ૩૭. | જલ્પાબેન ધીરજલાલ શાહ | પાલડી, અમદાવાદ | શ્રે | ૩૮. | પુરવ પિંકેશભાઇ સોની | નાણાવટ, સુરત |
| ૩૯. | વીરતી પ્રજ્ઞેશભાઇ શાહ | પદ્માવતી સો. મહેસાણા | ણી | ૪૦. | બોની ચંદ્રકાંતભાઇ શાહ | નાણાવટ, સુરત |
| ૪૧. | તમન્ના પરાગભાઇ ગાંધી | નારણપુરા, અમદાવાદ | (૪૮ | ૪૨. | હર્ષ રમેશભાઇ શાહ | પંચવટી, વડોદરા |
| ૪૩. | માનુસી ભદ્રેશભાઇ શાહ | રાધાકૃષ્ણ સો. વડોદરા | માર્કસ) | ૪૪. | પવન સંજયકુમાર શાહ | પ્રિતમનગર પાલડી, અમદા. |
| ૪૫. | કેવલ હિતેષભાઇ શાહ | નાણાવટ, સુરત | | ૪૬. | જીલ સૌરભભાઇ શાહ | વાસણા, અમદાવાદ |
| ૪૭. | વિરતી સંજયકુમાર શાહ | શ્રીનગર, ઇડર | | | | |
| ૪૮. | નિયતી રૂપેશભાઇ સંઘવી | કુંથુનાથ, પાલડી, અમદાવાદ | | ૪૯. | વૈભવી શ્રેણીકભાઇ શાહ | કુંથુનાથ, પાલડી, અમદાવાદ |
| ૫૦. | દિવ્ય અમીતકુમાર મહેતા | મલાવ તળાવ, અમદાવાદ | પ્રો | ૫૧. | મેઘા એમ. શાહ | કૃષ્ણનગર, અમદાવાદ |
| ૫૨. | કવિન શીકેશભાઇ શાહ | નારણપુરા, અમદાવાદ | ત્સ | ૫૩. | રીમલ અશોકકુમાર શેઠ | વેડ દરવાજા, સુરત |
| ૫૪. | કીષા કૌશલકુમાર શાહ | વાસણા, અમદાવાદ | | ૫૫. | રહિલ હિમાંશુભાઇ મહેતા | નવાવાડજ, અમદાવાદ |
| ૫૬. | કિશન લલિતભાઇ શાહ | નાણાવટ, સુરત | હ | ૫૭. | અભય આર. હરિયા | વીતરાગ સોસા. અમદાવાદ |
| ૫૮. | નરેન્દ્રભાઇ રંગીલદાસ શાહ | ઘડીયાળી પોળ, વડોદરા | ન | ૫૯. | નીધીબેન રાજેશકુમાર શાહ | પટવાપોળ, મહેસાણા |
| ૬૦. | સાગર વિતરાગભાઇ શાહ | જારણપુરા, અમદાવાદ | વિ | ૬૧. | શૈશવ પંકજભાઇ શાહ | વેજલપુર, અમદાવાદ |
| ૬૨. | દીપ સંજયકુમાર ચોકસી | કુંથુનાથ, પાલડી, અમદાવાદ | જે | ૬૩. | જહાન્વી શૈલેષભાઇ વોહેરા | બ્રહ્મક્ષત્રિય સો. અમદાવાદ |
| ૬૪. | રૂપલ ટી. વોરા. | પ્રિતમનગર, અમદાવાદ | | ૬૫. | પંક્તિબેન રૂપેશભાઇ શાહ | પાદરા, વડોદરા |
| ૬૬. | પાર્થ પ્રકાશકુમાર શાહ | શાહપુર, અમદાવાદ | તા | ૬૭. | આદિત્ય અમરભાઇ ઝવેરી | ઘડીયાળી પોળ, વડોદરા |
| ૬૮. | ઉજ્જવલ કેતનભાઇ શાહ | વીતરાગ ફ્લેટ, અમદાવાદ | (૪૭ | ૬૯. | ચાર્મી પી. શાહ | રાંદેર રોડ, સુરત |
| ૭૦. | એકતા શ્રેણિકભાઇ શાહ | પ્રિતમનગર, અમદાવાદ | માર્કસ) | ૭૧. | સપના બી. વોરા | પ્રિતમનગર, અમદાવાદ |
| ૭૨. | સ્મિત કલ્પેશભાઇ મહેતા | શાંતિનગર, ઊંઝા | | | | |

નાનાં બાળકોને જિનશાસનના રંગમાં રંગતું..

# તું રંગાઈ જાને રંગમાં

(રંગપૂરણી ચિત્રવાર્તાઓ)

વર્ષ : ૨ | અંક : ૨ | સળંગ અંક : ૬

નાનાં બાળકોને જિનશાસનના ચમકતા સિતારાઓનો પરિચય કરાવતી આ રંગપૂરણી ચિત્રવાર્તાઓ બાળકમાં રહેલી કલાની વૃત્તિને જાગ્રત કરી બાળકને ધર્મના રંગે પણ રંગશે. બાળક પોતાની મન પસંદગીના રંગો ભરી ઘડી બે ઘડી માટે આ મહાપુરુષોના જીવનમાં ડૂબી જશે તથા રંગો ને કલા અંગેની સૂઝમાં પણ પ્રગતિ કરી શકશે.

: પ્રેરણા - માર્ગદર્શક :

પૂ. આચાર્યદેવશ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન

**પૂજ્ય પંન્યાસ શ્રી નયચંદ્રસાગરજી મ.સા. ગણિવર્ય**

માનદ્ ચિત્રકાર : **પુષ્પેન્દ્ર શાહ**

: પ્રકાશક :

**પૂર્ણાનંદ પ્રકાશન, અમદાવાદ.**

C/o. પ્રદિપભાઈ એસ. શાહ

કે/3, વિવેકાનંદ ફ્લેટ્સ, જોધપુર ચાર રસ્તા,

સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫. ફોન : ૨૬૯૨૦૭૬૬

(૨) સુખ ક્યાં છે ?



# ❀ સુખ ક્યાં છે ? ❀

લેખક : બાલમુનિ અભિનંદનચંદ્ર સાગર

આર્ય સંસ્કૃતિ કે જૈન શાસન આત્માના સ્વતંત્ર સુખને માને છે. અત્યારે આપણને જે પણ સુખનો અનુભવ થાય છે તે કર્મનું આપેલું છે. ઈન્દ્રિયોના માધ્યમે સુખ થાય છે. આપણે કર્મને પરાધીન છીએ. સ્વતંત્ર આત્માનું મોક્ષસુખ મેળવવાની ઈચ્છા થાય ત્યારે આ સંસારનાં મોજ-શોખનાં સુખો વચ્ચે આત્માની સ્થિતિ કેવી હોય તે આ કથા જણાવે છે.

મોહનપુર નામે એક રજવાડું હતું. ત્યાંના રાજાનું નામ હતું ભગતસિંહ. મોહનપુરની પડખે જ સોહનપુર નામનું રાજય હતું. ત્યાં વીરસિંહ નામે રાજા વીરતાપૂર્વક રાજ્ય કરતો હતો.

રાજા વીરસિંહ અને ભગતસિંહ આમ તો મિત્રો હતા. પણ કોઈક કારણથી વીરસિંહ અને ભગતસિંહ વચ્ચે ઝગડો થયો. દુશ્મન બન્યા તેથી રાજ્યમાં યુધ્ધની ભંભેરી વાગી. બંને રાજ્યની સેનાઓ શસ્ત્રસજ્જ બની આમને સામને આવી ગઈ.

સોહનપુરની સેનામાં એક અતિ બહાદુર સૈનિક હતો. તે ઈમાનદાર, વિશ્વાસુ અને સ્વાભિમાની હતો. નામ તેનું માનસિંહ. માનસિંહ યુદ્ધ લડતાં લડતાં અચાનક દુશ્મનોના હાથમાં પકડાઈ ગયો. સાથે તેના કેટલાક સાથીદાર પણ પકડાઈ ગયા. દુશ્મનોએ તેમને મોહનપુર લઈ જઈ કેદખાનામાં પૂર્યા. મોહનપુરનો રાજા ભગતસિંહ ધર્મી હતો. તેથી તે જોર-જુલમમાં માનતો ન હતો. એના ત્યાં જેટલા પણ કેદી પકડાયા હતા તે બધાને બરાબર સાચવતો હતો. સારું-સારું ખાવાનું આપતો હતો. તેથી સૈનિકોને અહીં સલામતી લાગતી હતી. એમને મૃત્યુનો ભય દૂર થઈ ગયો હતો.

આમ છતાં સ્વાભિમાની માનસિંહ ખુશ ન હતો. તે કેદમાંથી બહાર નીકળવા ઈચ્છતો હતો. બંધનના લીધે તેના હૃદયમાં હંમેશાં વેદના રહેતી હતી. સારું ખાન-પાન, સારાં કપડાં મળવા છતાં અંતરથી દુઃખી દુઃખી રહેતો હતો. બસ, તેને **બંધનનું સૌથી મોટું દુઃખ સાલતું હતું.**

થોડા દિવસોમાં યુદ્ધ સમાપ્ત થયું. વિરોધી દેશો વચ્ચે સંધિ થઈ. સંધિની શરતો મુજબ બંને દેશના કેદીઓને મુક્ત કરવામાં આવ્યા. કેદમાંથી છૂટી સૌ કેદી સૈનિકોની સાથે માનસિંહ પોતાના ઘર તરફ જતો હતો. તેને અતિશય આનંદ હતો, ખૂબ ખુશ હતો. હવે પોતે સ્વતંત્ર હતો, બંધન મુક્ત હતો.

ઘરે જતાં રસ્તામાં તેને એક ફેરિયો મળ્યો. ફેરિયો પોપટ વેચવાનો ધંધો કરતો હતો. તે પક્ષી વેચી પૈસા કમાતો. પક્ષીઓને પાંજરામાં પુરાયેલાં જોઈને માનસિંહનું હૃદય દુઃખથી પ્લાવિત થઈ ગયું. તેનું હૃદય હચમચી ઊઠ્યું.


તેણે ફેરિયાને પૂછ્યું "ભાઈ ! તેં આ બધાં પક્ષીઓને શા માટે પાંજરામાં પૂરી રાખ્યાં છે ? એ બિચારાંને કેટલું દુઃખ થતું હશે ?" માનસિંહની આ વાત સાંભળી ફેરિયાને આશ્ચર્ય લાગ્યું. આ વ્યક્તિ આમ કેમ બોલતી હશે, તેણે કહ્યું કે "ભાઈ તમારી વાત ખોટી છે. હું આ પક્ષીઓને સારી રીતે ખવડાવું-પીવડાવું છું. ભણાવું છું, માવજત કરું છું. ત્યારે માનસિંહે કહ્યું કે; **શું સુખી થવા માટે સારું સારું ખાવાનું-પીવાનું મળે એટલે પૂરતું છે ? બંધન એ જ સૌથી મોટું દુઃખ છે.** બંધનમાં રહેવાનો અનુભવ મેં પણ કર્યો છે. એટલે બંધનમાં રહેવાનું દુઃખ સારી રીતે જાણું છું. તારે પૈસા જોઈએ તેટલા લે પણ આ પક્ષીઓને છોડી દે. આમ કહી તેણે પૈસા ચૂકવી બધાં પંખીઓ ખરીદી લીધાં. પછી એ બધાં પંખીઓનાં પાંજરાં ખોલીને બધાં પંખીઓને મુક્ત કરી દીધાં. પાંજરામાંથી છૂટેલાં પક્ષીઓ ખુશીથી પાંખો ફફડાવી દૂર દૂર આકાશમાં મુક્ત બની જતાં રહ્યા. માનસિંહ પણ મુક્ત પક્ષીઓને આનંદથી ઊડતાં જોઈ ફરી ફરી મુક્તિનો આનંદ માણવા લાગ્યો.

બાળકો : **૧. જગતમાં સૌથી મોટું દુઃખ હોય તો પરાધીનતા-બંધનનું છે.**

**૨. ગમે તેટલા સારા સારા ભોગવિલાસ ખાન-પાન મળે પરંતુ આત્માને શરીરના પિંજરામાં પુરાઈ રહેવું પડે છે. તે સૌથી મોટું દુઃખ છે. તે સમજવા કોશિશ કરજો.**

**૩. બંધન વગરનું સાચું સુખ તો મોક્ષમાં જ છે, માટે મોક્ષ મેળવવા ખૂબ ખૂબ સત્કાર્યો કરશો.**

(૪) બહારવટિયો બન્યો સંત



# ❀ બહારવટિયો બન્યો સંત ❀

નામદેવ નામચીન બહારવટિયો હતો. તેનું નામ સાંભળતાં જ લોકો ધ્રૂજતા, રડતાં છોકરાં ભયથી શાંત થઈ જતાં. આવા ભયંકર બહારવટિયાને તેની માતા (મમ્મી)એ ખૂબ જ સમજાવેલો કે ''બેટા ! ધંધો છોડી દે'' પરંતુ તે કોઈની વાત સાંભળવા તૈયાર ન હતો.

પરંતુ **'મા' (મમ્મી)તો કલ્યાણકારી જ હોય. દીકરાનું હિત જુએ તે મા કહેવાય.** તેથી તો તેના દીકરાને બેસાડીને મા એ વાત્સલ્યથી કહ્યું ''બેટા ! પાપનો ધંધો કરે છે તે છોડે તો સારું, ન છોડે તો એક નિયમ લે કે રોજ સવારે પ્રભુ દર્શન કરવાં અને **દશ મિનિટ એક ચિત્તે ઈશ્વરનું ધ્યાન કરવાનું''** માતાનું નીતરનું વાત્સલ્ય એવું હતું કે દીકરો ના ન પાડી શક્યો. મા કહે છે તો માની લીધું. હવે કોઈ પણ ગામે ધાડ પાડવા જતાં પહેલાં નામદેવ દર્શન અને ધ્યાનની પ્રતિજ્ઞા પૂરી કરીને જ જાય છે. આ બહારવટિયાએ ન જાણે કેટલાય લોકોનાં માથાં વાઢી નાખ્યાં હશે, કેટલાયનું ધન લૂંટી લીધું હશે. આ બહારવટિયાના કારણે કેટલાય લોકોએ પોતાનાં સ્વજનો ગુમાવ્યા હશે. કોઈએ બાપ ગુમાવ્યા, કોઇએ મા ગુમાવી, કોઈએ દીકરો, આમ કેટલાયે પરિવાર નિરાધાર બન્યાં હશે.

નામદેવ બહારવટિયો એક દિવસ મંદિરમાં પોતાના નિત્યક્રમ મુજબ વહેલી પ્રભાતે ઈશ્વરના ધ્યાનમાં બેઠો હતો. આજે મંદિરમાં ઉત્સવ ચાલતો હતો. ભગવાનને ધરાવેલા મીઠાઈના થાળ ગોઠવેલા પડ્યા હતા. અનેક લોકો દર્શન કરવા આવતા હતા તેમાં એક માતા પોતાના નાના બાળકને લઈને દર્શન કરવા આવી. મા દીકરાને હાથ જોડી 'જે...જે...' કરાવે છે. પણ બાળકની નજર મીઠાઈ ઉપર છે, બાળક મીઠાઈ જોઈને રડવા લાગ્યો. માતાએ (મમ્મીએ) બાળકને કહ્યું, ''બેટા ! આ મીઠાઈ પ્રભુને ધરાવવાની છે તે આપણાથી ન ખવાય'' એમ સમજાવ્યો. પણ આ તો બાળક ! કેમ માને ? માએ ના પાડી તેથી જોરથી રડવા લાગ્યો. નામદેવ નિત્યદર્શનના નિયમથી રોજની જેમ મંદિરમાં આવ્યો છે. પણ બાળકના રડવાના કારણે નામદેવ ધ્યાનમાં લીન ન થઈ શક્યો તેથી પેલી માતાને કહ્યું કે ''મા ! બાળકને બહાર લઈ જા, મારા ધ્યાનમાં ખલેલ પડે છે. કોઈ કંદોઈની દુકાનેથી મીઠાઈ લાવી તેને ખવડાવ તો તે રડતું બંધ થઈ જશે.''

અજાણ્યા આદમીના આ શબ્દો-સાંભળી બાળકની માતા (મમ્મી)ની આંખમાંથી આંસુ નીકળવા લાગ્યાં અને કહ્યું કે, ''ભઈલા ! એવા જાહોજલાલીના દિવસો હતા કે બાળક ધરાઈ જાય તેટલી મીઠાઈ હું ખવડાવતી હતી. આજુબાજુનાં બાળકોને પણ ભરપેટ મીઠાઈ વહેંચતી પરંતુ એક દિવસ એવો ગોઝારો આવ્યો કે મારાં અને બાળકોનાં ભાગ્ય પરવારી ગયાં. નામદેવ નામના બહારવટિયાએ ધાડ પાડી આ બાળકના પિતા (પપ્પા) ને મારી નાખ્યા, બસ ત્યારથી અમારા ઘરમાં કોઈ કમાવનાર જ નથી. મીઠાઈ ખાવાનાં તો સપનાં ખારા ઝેર થઈ ગયાં છે. રોટલો ને મરચુંયે મજૂરી કરું ત્યારે ખવડાવી શકું છું. **ભઈલા ! આપણાં નસીબ જ એવાં તો વાંક કોનો કઢાય ?''**

આ વાક્ય સાંભળતાં જ નામદેવના માથે જાણે વીજળી પડી હોય તેમ ચમક્યો. ધરતી ઘૂમવા લાગી, હૈયું હચમચી ગયું, ચિત્ત વિચારોના ચગડોળે ચઢ્યું કે ''મારા કારણે આવાં કેટલાંય બાળકો અનાથ થયાં હશે ? અંતરમાં પશ્ચાત્તાપનાં વાદળો ગગડવા લાગ્યાં. એનું અંતર પોકારી ઊઠ્યું. આવું અધમ કૃત્ય કરનાર હું આ ધરતી પર જીવવાને લાયક નથી. અંતરમાં ખોવાઈ ગયેલો એ નામદેવ એકદમ ચીસ પાડી બોલી ઊઠ્યો...ઓ મા...ઓ મા...લે આ ખુલ્લી તલવાર અને ચલાવ મારી ગરદન ઉપર, હું પોતે જ નામદેવ બહારવટિયો છું, પાપ શું છે તે આજે મને ખબર પડી છે. હવે આ નામદેવ જીવવા માગતો નથી.

બાળકની મા (મમ્મી) એ કહ્યું કે "ભાઈલા ! ના એ નહીં બને. મારો બાળક અનાથ બન્યો છે. **મારે તારા બાળકને અનાથ નથી બનાવવો.** ''હું તો પ્રભુને પ્રાર્થના કરું છું કે **મારા પતિના હત્યારાનું પણ કલ્યાણ કરજો.** તે તો અણસમજથી પાપ કરી બેઠો છે ભગવાન ! એને સજા ન આપતો.'' **દુઃખિયાળી સ્ત્રીની ઉચ્ચતમ ભાવનાઓથી હજજારોને ફફડાવતો એ બહારવટિયો ફફડી ઊઠ્યો.** શરમિંદો બની ગયો. એક સ્ત્રીના ચરણમાં નમી પડ્યો... બોલી ઊઠ્યો. ''મા ! તું મારી મા છે. આજે તે ''મને નવો જનમ આપ્યો છે.'' કહી નામદેવે પોતાની નગ્ન તલવાર પ્રભુ ચરણોમાં મૂકી દીધી અને ક્યારેય આવું દુષ્ટ કામ નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી. દુઃખિયાઓની સેવા એ એનું જીવન બની ગયું... **અને સંત નામદેવ નામે જગતમાં પ્રસિદ્ધ થઈ ગયા.**


**બાળકો : ૧. માએ આપેલા નાના નિયમનું અણીશુધ્ધ પાલન કરવાથી બહારવટિયાનું પણ હૃદય કેવું પરિવર્તન થાય છે ! તમો પણ જે નિયમ લો તેવું બરાબર પાલન કરો.**

**૨. નિયમ જ હૃદયપરિવર્તન કરી શકે છે. જીવનમાં નાનો પણ નિયમ તો હોવો જ જોઈએ.**

**૩. બહારવટિયા જેવા ખૂંખારે પણ 'મા' ની વાત માની લીધી. તમો માનશો ને ?**

**૪. કોઈપણ વ્યક્તિ આપણું ગમે તેટલું નુકસાન કરે તો પણ આપણે તો તેનું ભલુ જ ઈચ્છવું.**

(૬) સાચું તીર્થ



# ❀ સાચું તીર્થ ❀

કથા છે અજૈનની પરંતુ ખૂબ જ રસપ્રદ છે. માતા-પિતા (મમ્મી-પપ્પા)નું સ્થાન આપણા જીવનમાં ક્યાં હોવું જોઈએ તે આ કથા કહી જાય છે.

વૈષ્ણવ ધર્મમાં ભગવાન શંકર અને માતા પાર્વતીજીનું ખૂબ જ ઊંચું સ્થાન છે. તેમને બે દીકરા હતા. પહેલાનું નામ કાર્તિકેય અને બીજાનું નામ ગણેશ હતું.

બંનેને પાસે બેસાડીને એકવાર ભગવાન શંકર અને માતા પાર્વતીજીએ કહ્યું કે તમો બંને મોટા થયા છો, તો ૬૮ તીર્થની જાત્રા કરીને આવો જે પહેલો આવશે તેને મોટું ઇનામ આપીશું. **તીરથની યાત્રા તો આત્માને તારી દે, ભવો ભવનાં પાપોને પખાવી નાખે** આવી યાત્રા કરવાનું મન કોને ન થાય ?

બંનેએ નક્કી કર્યું કે આપણે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને જાત્રા કરવી અને પછી પાછા આવવું. તે જમાનામાં ગાડી-મોટર હતા નહીં. ચાલતા જવાનું હતું. કાર્તિકેયને તો પોતાનો પાતળો અને ઊંચો શરીરનો બાંધો, લાંબા લાંબા પગ, હરણની જેમ છલાંગ મારતો દોડી શકે. ગણેશજીને લાંબી સૂંઢ અને મોટી ફાંદ, પગ તો નાના નાના હતા તેથી તે તો ધીરે ધીરે ચાલે, કેમ કરી જલદી જઈ ૬૮ તીરથની યાત્રા કરી આવી શકે ? મોટું ઇનામ તો પોતાને લેવું છે પણ ઝડપી ચાલી શકાય તેમ નથી તેથી મૂંઝવણમાં પડી ગયા કે શું કરવું... ? વિચાર કરતાં કરતાં રસ્તો મળી ગયો. ગણેશજી તો ખુશખુશાલ થઈ ગયા.

સુંદર મજાના એક ઉંચા સ્થાનને શુદ્ધ કરી પૂજા કરી માતા-પિતા (મમ્મી-પપ્પા)ને આદર અને વિનયપૂર્વક બેસાડ્યા, માતા પિતાને કાંઈ સૂઝ નથી પડતી. ગણેશ તો પિતાને પગે લાગી પ્રદક્ષિણા દેવા લાગ્યા. એક પછી એક એમ ૬૮ પ્રદક્ષિણા આપી અને ૬૮ વાર ચરણસ્પર્શ કર્યો અને છેલ્લે પગે લાગી બે હાથ જોડી મસ્તક નમાવી માતા-પિતાની સામે બેસી ગયા અને કહ્યું કે મારી પૃથ્વીની પ્રદક્ષિણા અને ૬૮ તીરથની યાત્રા થઈ ગઈ છે. માતા-પિતા (મમ્મી-પપ્પા) આ પૃથ્વી ઉપરનું સાચું તીર્થ છે. સાક્ષાત્ ભગવાન છે. **મારા માટે જગતમાં માતા-પિતાથી કોઈ મહાન નથી.** આવી ભક્તિથી ખુશ થઈ માતા-પિતાએ ખરેખર ઇનામ ગણેશજીને આપી દીધું. કાર્તિકેય તો કેટલાય દિવસો સુધી ફરી ફરીને થાકી ગયેલા. ધીરેધીરે ચાલતા જ્યારે ઘરે આવ્યા ત્યારે ખબર પડી કે ગણેશ તો અહીં જ છે, હજુ ગયા જ નથી. તેથી માતા-પિતા પાસે હરખભેર ઇનામની માંગણી કરી. માતા-પિતા (મમ્મી-પપ્પા)એ કહ્યું કે, ''બેટા કાર્તિકેય ! તે ઇનામ તો ગણેશને મળી ગયું. તેઓ ભલે બહાર યાત્રા કરવા નથી ગયા પરંતુ તેઓએ અમોને તીર્થ સમજીને અડસઠ પ્રદક્ષિણા કરીને વંદન કર્યાં છે. દુનિયાનું **મોટામાં મોટું તીર્થ એ માતા-પિતા (મમ્મી-પપ્પા) છે.**'' આ વાતનું કાર્તિકેયને સાચું જ્ઞાન થયું કે ''બીજાં તીર્થો કરતાં માતા-પિતા મહાન છે તે વાત સાચી છે અને ગણેશ મારાથી મહાન છે, બુદ્ધિશાળી છે.''

કાર્તિકેય પણ અત્યંત ભાવવિભોર બની માતા-પિતાનાં ચરણોમાં પડ્યો... તેને પણ તીર્થયાત્રા જેટલો આનંદ થયો. માતા-પિતા તો ઉદાર દિલનાં જ હોય છે. તેમને કાર્તિકેયને પણ સાચા દિલથી આશીર્વાદ આપ્યા... માતા-પિતાના આર્શીવાદના પ્રભાવે બંને જગતમાં મહાન બની પૂજાવા લાગ્યા.


**બાળકો : ૧. માતા પિતા (મમ્મી-પપ્પા) તીર્થ સમાન છે. તેમનો વિનય-ભક્તિ કરવી.**

**૨. સવારે ઊઠીને મમ્મી-પપ્પાને પગે લાગજો. તે સાક્ષાત ભગવાન છે.**

**૩. કાર્તિકેય મોટા હતા છતાં નાના ભાઈની વાત સમજાઈ અને સ્વીકારી લીધી. કેવી તેમની સરળતા છે !**

**૪. માતા-પિતાના આશીર્વાદ જ આપણને મહાન બનાવે છે. તમારે મહાન બનવું છે ને ? મહાન બનવા શું કરશો ?**

(૮) આનું નામ રાષ્ટ્રભક્તિ



# ❀ આનું નામ રાષ્ટ્રભક્તિ ❀

''ચંપો'' નામના શેઠને લોકો ''ચાંપા વાણિયા''ના નામથી ઓળખે. મરદ અને તીર ચલાવવામાં કાબેલ આ ચાંપો વાણિયો એકવાર ઊંટ ઉપર સવાર થઈ જંગલમાંથી પસાર થતો હતો. રસ્તામાં તેને ત્રણ લૂંટારા મળ્યા. દૂરથી ત્રાડ નાખીને કહ્યું કે ''ઓ વાણિયા, તારી પાસે જે કંઈ હોય, આપી દે. પછી આગળ જા"

સાચું બોલવાની ટેવવાળા ચાંપાએ કહ્યું કે ''મારી પાસે ધન અને શરીર ઉપર દાગીના છે. પરંતુ **તમો ભિખારી કે ગરીબ હોય તો દાન રૂપે આપું.** નહિ તો રાતી પાઈ પણ આપવાનો નથી. **હું ઉદાર છું, નામર્દ નહીં.**

લૂંટારાનો સરદાર કહે, ''અમે લૂંટારું છીએ, તને લૂંટી જ લેવાના છીએ. જે હોય તે મૂકી દે નહીં તો જીવ જોખમમાં છે.'' ચાંપા વાણિયાએ કહ્યું કે તાકાત હોય તો લડવા માટે તેયાર થઈ જાઓ, લડીને લઈ લો, લૂંટીને તો હું હરગિજ નહીં લેવા દઉં.

આટલું બોલી ઊંટ ઉપર સવાર થયેલો મર્દ ચંપો શેઠ સડસડાટ નીચે ઊતરી ગયો અને કહ્યું કે ''તમો નીચે ઊભા છો અને હું ઊંટ ઉપર બેસું તો યુદ્ધની નીતિ ન જળવાય. બંન્ને પક્ષે સરખી ભૂમિકા જોઈએ. ન્યાય પળાવવો જોઈએ. હું ઊંટ ઉપર બેસીને લડું તે બરાબર નથી. ચંપાની આ યુદ્ધનીતિ સાંભળી લૂંટારુ આશ્ચર્યચકિત થઈ તેની સામે ધારી ધારી જોઈ રહ્યા છે ત્યાં તો લૂંટારુ તો આભા જ બની ગયા. ચંપાએ તીરના ભાથામાં ત્રણ તીર રહેવા દઈ બાકીનાં તીર તોડી નાખ્યાં. લૂંટારુના સરદારે આમ કરવાનું કારણ પૂછ્યું. ચંપાએ જવાબ આપ્યો કે ''તમો ત્રણ છો તો મારે વધારે તીરની જરૂર નથી.''

ચોરે કહ્યું કે "તું એમ માને છે કે તારા આ તીરથી અમો ઘાયલ થઈ જ જઈશું ?" ચંપો કહે ''હા ! ચોક્કસ, કારણ કે હું તીર ચલાવવામાં કુશળ છું. મારું તીર અમોઘ છે. ધાર્યું નિશાન ક્યારેય નિષ્ફળ ન જાય." ચોરે પરીક્ષા કરવા કહ્યું કે" જો તમારી પાસે સાચી તીરંદાજી હોય તો આ ઊડતા પંખીને એક જ તીરે પાડી દે તો હું માનું અને તને જવા દઉં.''

ચંપા શેઠે કહ્યું કે હું વાણિયો છું - શ્રાવક છું. **જીવદયામાં માનું છું. નિરપરાધી મૂંગા પશુ પક્ષીઓને મારવામાં માનતો નથી.** પરંતુ તમારે મારી તીરંદાજીની પરીક્ષા કરવી હોય તો લો મારા ગળાની આ મોતીની માળા લઈને ઊભા રહો. હું તીરનું નિશાન લગાવું. તમે કહો તે નંબરના મણકાને વીંધી માળા સાથે મારું તીર સામે ઝાડના થડમાં પેસી જશે. આશ્ચર્યકારી અને મનોરંજનકારી પરીક્ષા કરવા એક લૂંટારુ માળા લઈ દૂર ઊભો-રહ્યો. ચંપાએ સન્‌ન્‌ન્ કરતું તીર છોડ્યું અને ખરેખર તે જ નંબરના મણકાને વીંધી માળા સાથે તીર ઝાડના થડમાં લાગી ગયું. ચોરના સરદારને નવાઈ લાગી કે આવો તીર ચલાવવામાં કુશળ તીરંદાજી તો પહેલવહેલો જોયો.

આવા સત્યવાદી, ન્યાયપ્રિય,ઉદાર,મર્દ અને તીરંદાજ વાણિયાને જોઈ જ રહ્યા. સરદારે નામ પૂછતાં ચંપા શેઠે પોતાનું નામ જણાવ્યું. સરદારે અત્યંત લાગણી અને સજ્જન પ્રિય ભાષામાં કહ્યું ભાઈ ચંપા, તારા જેવા મર્દની સાથે અમારે યુદ્ધ કરવું નથી. તારા જેવા મર્દની તો અમારે જરૂર છે. **ભાષાથી માણસની જાત પરખાય છે** તે ઉક્તિ અનુસાર આવી ભાષાનું ઊંચું ધોરણ જોઈ ચંપા શેઠે કહ્યું'' ભાઈઓ, તમો લૂંટારુ લાગતા નથી. જે હોય તે સાચું કહો તમો કોણ છો ? ચોરના સરદારે કહ્યું ચંપાભાઈ હું વનરાજ ચાવડો છું. રાષ્ટ્રરક્ષા માટે ધન એકઠું કરવા માટે મારે ન છૂટકે આ માર્ગ અપનાવવો પડ્યો છે. મને મારું રાજ્ય પાછું મળે ત્યારે તમે જરૂરથી મારી પાસે આવજો, મારે તારી શક્તિની જરૂર છે. લૂંટારુના વેશમાં ચાવડાની વાત સાંભળી ચંપો કહે "અહો...! આપ પોતે જ વનરાજ છો ? તો તો લો આ સઘળીય સંપત્તિ આપના ચરણે છે. મારું ધન રાષ્ટ્રરક્ષામાં વાપરજો, લો; સ્વીકારો આ મારી સંપત્તિ આજ્ઞા કરતા હો તો આ પ્રાણ પણ આપના ચરણે મૂકી દઉં. પોતાની પ્રજાની વીરતા ઉપર વારી જતાં વનરાજ ચાવડાની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં...


**બાળકો : ૧. જીવદયા અને અહિંસા ધર્મનુ પાલન કરવા છતાં આપણા પૂર્વજોની જેમ મર્દાનગી તો હોવી જ જોઈએ.**

**૨. શ્રાવક અવસ્થામાં પોતાની પૂરી શક્તિ હોવા છતાં નિરપરાધી જીવોને ક્યારેય હેરાન કરવા નહીં.**

**૩. ઉદારતા, મર્દાનગી સત્ય ભાષી વગેરે ગુણોને જીવનમાં સ્થિર કરવા.**

**૪. પોતાની ધન-સંપત્તિ યોગ્ય વ્યક્તિના હાથમાં જાય તો સમર્પિત કરવી.**

(૧૦) શાહુકારનું સત્કર્મ



# ❀ શાહુકારનું સત્કર્મ ❀

આ સત્ય ઘટના છે બહુ વર્ષ પહેલાંની. માંડલ ગામમાં એક હતા શેઠ. અમૃતલાલ મુલકચંદ શેઠ તેમનું નામ. આસપાસનાં ગામોમાં ધર્માત્મા, મર્દ, સદાચારી, પરગજુ અને નીતિમાન તરીકે શેઠની નામના બહુ મોટી હતી.

અવારનવાર શેઠ ઘોડી ઉપર બેસી શંખેશ્વર તીર્થની જાત્રા કરવા જતા. તે જમાનામાં રેલ્વે, મોટરગાડી જેવાં વાહનો ન હતાં.

એકવાર શેઠ પોતાની ઘોડી ઉપર બેસી શંખેશ્વર જઈ રહ્યા હતા, વચ્ચે રૂપેણ નદી આવે. નદીમાંથી જેવા આગળ જવા ગયા કે એક દિશામાંથી ચાર બુકાનીધારી બહારવટિયા ધસી આવ્યા અને શેઠને કહ્યું કે ''શેઠ, શરીર ઉપર જેટલા દાગીના છે તે તમામ ઉતારી આપો અમે ચાર છીએ અને તમે એક છો.''

જમાનાના ખાધેલ શેઠ સમય ઓળખી ગયા. લડી લેવાનું બળ માપી લીધું અને મનોમન નક્કી કર્યું કે આ રીતે ઘરેણાં આપી દઈશ અને લૂંટાઈ જઈશ તો લોકો ભયના માર્યા જાત્રાએ જવાનું બંધ કરી દેશે અને **કોઈને પણ આ રીતે જાત્રા કરવા જતાં તકલીફ તો ન જ આવવી જોઈએ.**

તેથી શેઠે હિંમત રાખી કહ્યું કે, ''ભાઈઓ ! મને એ તો કહો કે મને લૂંટો છો શા માટે ?''તો એક બહાવટિયાએ કહ્યું કે ''ઘરમાં ખાવા અનાજ નથી, છોકરાઓ ભૂખે મરે છે માટે આ ધંધો કરવો પડે છે.''

તે સમય હતો બહુ જ સોંઘવારીનો, આવી મોંઘવારી નહિ. શેઠે બહારવટિયાને કહ્યું કે ''જુઓ, હું તમને દરેકને એવી રકમ આપું કે તમો ખેતી કરી શકશો. તેમાંથી જે મળે તેમાં તમારું ગુજરાન ચાલશે. આમ, **ચોરી લૂંટ ચલાવી કેટલા દિવસ કાઢશો ?''**

તેઓને વાત મગજમાં ઊતરી અને પૈસા લઈ તેનાથી ખેતી કરવા તૈયાર થયા. શેઠે બાજુના પંચાસર ગામની પેઢી ઉપર ચિઠ્ઠી લખી આપી અને એક માણસને મોકલ્યો. તે જલદી પંચાસરથી રૂપિયા લઈને આવી ગયો. શેઠે ચારેયને રકમ આપી અને કહ્યું કે મહેનત કરીને કમાજો, કંઈ કામ હોય તો માંડલ મારી પેઢીએ આવજો. દરેક છૂટા પડ્યા. શેઠ શંખેશ્વર ગયા.

આ બાજુ બહારવટિયાઓએ સહિયારી ખેતી શરૂ કરી. વરસ ખૂબ જ સારું આવ્યું. વરસાદ પણ ખૂબ જ સારો થયો. પુષ્કળ અનાજ પાક્યું. દરેકને ભાગે પંદરસો પંદરસો રૂપિયા આવ્યા. હાથમાં આવેલા રૂપિયા જોઈને સહુને શેઠ યાદ આવ્યા. **ભલે તે બહારવટિયા હતા પરંતુ હૈયાની અમીરાત મોટી હતી.** સાચા બહારવટિયા ને **ચોરી લૂંટમાં પણ નીતિ હોય છે. સિદ્ધાંત હોય છે. ખાનદાની હોય છે.** આ ચારે બહારવટિયા રૂપિયા લઈને ગયા માંડલ. તપાસ કરીને શેઠની પેઢીએ પહોંચી ગયા અને શેઠને બધી વાત કરી. બહારવટિયાઓએ રૂપેણ નદીના તટે બનેલા બનાવની યાદ તાજી કરાવી... શેઠને પણ આનંદ થયો કે આ એક સતકૃત્ય થયું. બહાવટિયાઓએ કહ્યું કે તમારા કહેવા પ્રમાણે કર્યું અને વરસ સારું આવ્યું. અનાજ પણ સારું થયું છે. બહારવટિયા બોલ્યા, ''શેઠ ! તમારા રૂપિયા પાછા આપવા આવ્યા છીએ. લો, આ પૈસા.''


શેઠ કહે, એક કામ કરો, તમારા ગામમાં જે લોકો લૂંટારાનો ધંધો કરતા હોય તેમાંના ચાર જણાને તે રૂપિયા વહેંચી દેજો અને તેમને ખેતીના ધંધે ચઢાવો. લૂંટથી તો પાપ લાગે, મજૂરી કરી કમાવવું અને તે લોકો કમાઈને રૂપિયા પાછા આપવા આવે તો બીજા ચારને આ રકમ આપજો અને ધંધો કરાવજો. આ રીતે આ વાતનો અમલ થયો અને અડધા ગામે લૂંટ-ચોરીનો ધંધો મૂકી દીધો.

બાળકો : **૧. જોયુંને નાની રકમનું સત્કૃત્ય કેવું મોટું પરિવર્તન લાવે છે.**

**૨. હંમેશાં મુશ્કેલીમાં વિચાર કરી માર્ગ કાઢવો, ગભરાઈ ન જવું.**

**૩. કોઈનું પણ નાનું કામ નિષ્ફળ જતું નથી.**

(૧૨) પ્રભુ પૂજાનું ફળ



# ❀ પ્રભુ પૂજાનું ફળ ❀

કુસુમપુર નામનું નગર હતું. ત્યાં ધનસાર નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તેણે એકવાર ગુરુ ભગવંતના ઉપદેશથી સુંદર મજાનું ગૃહ જિનાલય બનાવ્યું. દેવવિમાન જેવા આ જિનાલયમાં પાર્શ્વનાથ પરમાત્માની પ્રતિષ્ઠા કરાવી.

આ શેઠને ચાર પુત્રો હતા. શેઠના ચારેય પુત્રોમાંથી એકેનેય ધર્મ ગમે નહીં. શેઠે ઘણી મહેનત કરી છતાં ધર્મ સર્યો નહી. શેઠ તો મન મૂકીને પ્રભુભક્તિ કરે.

**ભાવિના પડદા પાછળ શું લખાયું હશે એ કોઈને કાંઈ ખબર નથી.** પૂર્વના કોઈ દુષ્કર્મ કર્મના કારણે ધનસાર શ્રેષ્ઠીના ધંધામાં ઓટ આવવા માંડી. ધીરે ધીરે ધનસાર શ્રેષ્ઠી સાવ પાયમાલ થઈ ગયા. આવી સ્થિતિમાં પુત્રોએ કીધું કે "પિતાજી તમે આ દહેરાસર બનાવ્યું એટલે જ આપણો ધંધો ઘસાઈ ગયો. આપણે સાવ પાયમાલ થઈ ગયા છીએ. હવે આપણી પાસે ફૂટી કોડી પણ બચી નથી." આવી અનેક વાતો કરી બેટાઓ પોતાના મા-બાપને પરેશાન કરવા લાગ્યા. તરછોડવા લાગ્યા. **જગત તો સ્વાર્થી અને પૈસાનું સગું છે...** બાપ પોતાની મહેનત-પુણ્યથી કમાયા હતા. બાપુની સંપત્તિ પોતાની માની લીધી હતી. **સંપત્તિ વૈભવ વહાલાં હતાં, બાપ નહીં તેથી તો મા-બાપનો વિવેક ચૂક્યા હતા.** પણ ધનસાર શ્રેષ્ઠીને ધર્મ પરિણત હતો. તેથી તેમણે સમતા ભાવ રાખી ધર્મ વધુ કરતા હતા.

એકવાર ધનસાર શ્રેષ્ઠી જંગલમાંથી લાકડાં કાપી ભારો માથે મૂકી જઈ રહ્યા હતા. એ સ્થિતિમાં વિહાર કરતા ગુરુ ભગવંતને જોયા અને ઓળખી ગયા. ''ધનસાર આ હાલતમાં ? '' વિચારતા હતા ત્યાં ધનસારે ગુરુ ભગવંતને જોયા. પાસે આવી વંદન કર્યું. પોતાના ગૃહ જિનાલયમાં પ્રતિષ્ઠા કરાવનાર ગુરુમ.નાં દર્શનથી ભાવવિભોર બની ગયા... ગુરુભગવંતે ધનસારને પૂછયું, ''ધનસાર, હું આ શું જોઉં છું ?''

ધનસારે કહ્યું, ''ગુરૂદેવ ! ગૃહમંદિરની પ્રતિષ્ઠા પછી થોડા જ સમયમાં અમે પાયમાલ થઈ ગયા છીએ. અમારા દીકરાઓ ને આડોશી પાડોશી મહેણાં મારે છે કે જોયું ધરમ કરવા જતાં કંગાળ બની ગયો. આવો ધરમ કરાતો હશે ? ગુરુદેવ ! **ધન તો ભાગ્યને આધીન છે.** પુણ્ય પરવાર્યું છે, **સંપત્તિ ગઈ તેનો કોઈ અફસોસ નથી, હૈયામાં ધર્મ અને પ્રભુભક્તિ યથાવત છે તેનો આનંદ છે** પણ શાસનની નિંદા થાય છે. પ્રભુની અવહેલના થાય છે તેથી અંતર દુ:ખી દુ:ખી છે. શાસનની હીનતા ન થાય તેનો કોઈ ઉપાય બતાવો.''

શાસન પ્રત્યેની શ્રદ્ધા અને નિષ્ઠા જોઈ ગુરુદેવે શેઠને મંત્રાધિરાજ પાર્શ્વનાથનો ચિંતામણિ મંત્ર આપ્યો અને તેનો આમ્નાય (વિધિ) જણાવ્યો. શ્રેષ્ઠીએ ગુરુદેવે આપેલા મંત્રની મંગલ મુહૂર્તે પોતાના ગૃહમંદિરમાં જ આરાધના શરૂ કરી... ૨૧ દિવસની આરાધના થતાં ધરણેન્દ્ર દેવ સાક્ષાત હાજર થયા. નાગલોકના ઈન્દ્ર ધરણેન્દ્ર દેવે પ્રસન્નતાપૂર્વક શેઠને કહ્યું... "માંગ, માંગ, તારે જોઈએ તે માંગ, તારી પ્રભુભક્તિથી હું પ્રસન્ન છું."

ધનસાર શ્રેષ્ઠી કહે છે ''નાગેન્દ્ર ! જો તમે મારી ઉપર ખરેખર પ્રસન્ન થયા હો તો મેં ભગવાનને ચઢાવેલી એક પુષ્પમાળાનું ફળ આપો.'' ધરણેન્દ્રે ઉદાસ બની કહ્યું, "**શેઠ... આ તો ૬૪ ઈન્દ્રો ભેગા મળીને પણ આનું ફળ ન આપી શકે.** તમે બીજું કાંઈ માંગો..'' શેઠે કહ્યું, ''નાગરાજ ! તમે ફૂલની માળાનું ફળ ન આપી શકતા હો તો એક પુષ્પ ચઢાવ્યાનું જે ફળ હોય તે આપો. ધરણેન્દ્રે કહ્યું - તેના માટે પણ હું સમર્થ નથી. બીજું કાંઈ માંગો. શેઠે કહ્યું - ફૂલની એક પાંખડી પ્રભુને ચઢાવવાનું ફળ આપો. ધરણેન્દ્ર કહે - તે પણ ફળ આપવા સમર્થ નથી.

શેઠ કહે - જો તમે ફૂલની એક માળા, એક પુષ્પ કે એક પાંખડીનું પણ ફળ આપવા સમર્થ નથી તો મારે તમારું કોઈ કામ નથી. તમે અહીંથી જઈ શકો છો.

ધરણેન્દ્રે શેઠની નિ:સ્વાર્થ પ્રભુભક્તિ જોઈ કહ્યું - "**શેઠ ! ભગવાનની ભક્તિનું ફળ તો અમૂલ્ય છે. તેટલું આપી શકવાની શક્તિ નથી પરંતુ દેવનું દર્શન નિષ્ફળ ન જાય** તેથી હું તારા ઘરના ચારે ખૂણામાં રત્ન ભરેલા ચરુ મૂકું છું. ખૂણો ખોદજે. કહી દેવ અદશ્ય થઈ ગયા

ધનસાર શ્રેષ્ઠીએ ચારે દીકરાઓને બોલાવી ખૂણા ખોદાવ્યા. રત્નના કુંભ નીકળ્યા તે જોઈ દીકરાઓ આશ્ચર્ય પામ્યા.

દીકરાઓને પ્રભુભક્તિનું ફળ સમજાવી ધર્મ માર્ગે વાળ્યા અને ફરી ધંધો ચાલુ કરી જિનશાસનની પ્રભાવના કરી.

બાળકો : **૧. જીવનમાં ગમે તેવી આપત્તિઓ આવે તો પણ ધર્મશ્રદ્ધા ન છોડવી.**


**૨. દુ:ખ આપત્તિ આવે છે તે આપણા પોતાના કર્મના કારણે જ આવે છે. તેમાં ધર્મ વધુ ને વધુ કરવો.**

**૩. ચિંતામણિ મંત્ર ''ઉવસગ્ગહરં'' સ્તોત્રમાં ગર્ભિત છે આ સ્તોત્ર, વારંવાર ગણવો.**

**૪. ધરણેન્દ્ર પાસે શેઠે શું માગ્યું ? આપણે શું માગીએ ?**

**૫. પ્રભુને ભાવપૂર્વક ચઢાવેલ એક પુષ્પ કે પાંખડીનું પણ ફળ આપવા દેવ સમર્થ નથી તો કેટલું બધું પુણ્ય બંધાય ? પ્રભુને રોજ ભાવપૂર્વક પુષ્પ ચઢાવજો.**

## (૧૪) કોને ફાયદો... કોને નુકસાન



# ❀ કોને ફાયદો...કોને નુકસાન ❀

લેખક :
બાલમુનિ અભિનંદનચંદ્ર સાગર

ઓહ ! આ શું થયું ? પાણીમાં પડતાંની સાથે આ માનવીના રૂપરંગ બદલાઈ ગયા. ફૂલની માળા આવી ગઈ આંખો અપલક (સ્થિર) થઈ ગઈ અદ્‌ભુત...અદ્‌ભુત...આ તો સાક્ષાત દેવનું રૂપ.''

આવા વિચારો ઝાડ ઉપર બેઠેલા આશ્ચર્ય પામેલાં વાંદરા-વાંદરી કરી રહ્યા છે. કાત્રિક તીર્થ પાસે ઘણાં વૃક્ષોથી શોભતું એક સોહમણું સરોવર હતું. સરોવરના કાંઠે વંજુલ નામનું એક વૃક્ષ હતું. આ સરોવર અને વૃક્ષનો ચમત્કારી સંબંધ હતો. આ ઝાડ ઉપર ચઢી સરોવરમાં જો પશુ પંખી પડતું મૂકે તો તે પડતાંની સાથે માનવ બની જાય અને જો માનવ પડે તો દેવ રૂપ બની જાય. એક જ વાર આ લાભ થાય અને લોભથી ફરી ઝંપલાવે તો હતા તેવા થઈ જાય.

એક વાંદરા-વાંદરીએ માનવ યુગલને સરોવરમાં પડતાંની સાથે દેવ-દેવીના રૂપમાં જોતાં જ ઉપર મુજબ આશ્ચર્ય થયું...

**સારા દેખાવું દરેક જીવને ગમે છે.** આ વાનર યુગલને પણ દેવ-દેવી બનવાની ઈચ્છા થઈ. **દુનિયામાં આપણી પોતાની આંખે જોયું હોય છતાં તે સત્ય જ હોય કે સંપૂર્ણ હોય તેવું નથી હોતું.** આ વાત તે વાનર યુગલ ભૂલી ગયું. **ક્યારેક તો સામાન્ય પ્રસંગને જોઈ મોટાં મોટાં અનુમાનો કરી તેને સત્ય જ માની લેવાની ભૂલ આપણા જીવનમાં થતી હોય છે.** આવી સ્થિતિ વાનર યુગલમાં થઈ. માનવ યુગલમાંથી દેવ-દેવી બનેલાં જોઈ.... કલ્પના કરી કે ''સરોવરમાં પડે તે દેવ-દેવી થાય.''

દેવ-દેવી બનવા વાનર-વાનરીએ પણ વંજુલના ઝાડ ઉપરથી સરોવરમાં ઝંપલાવ્યું અને જાણે ચમત્કાર થયો હોય તેમ એક સુંદર માનવ-યુગલ થઈ બહાર આવ્યા... બંને આનંદમાં હતા. છતાં સાથે ઉદાસ પણ હતાં. **પોતાની અપેક્ષા કરતાં લાભ ઓછો થાય તો તે ઓછાશ લાગે...** અપેક્ષા ઈચ્છા પૂરી કરવા મહેનત કરે તે દુનિયાનો સ્વભાવ છે.

વાંદરો મનમાં વિચારે છે કે... આ તો અદ્‌ભુત જાદુવાળુ સરોવર છે... આપણે નરનારી તો બની ગયાં હવે દેવ-દેવી બની જઈએ. જગતમાં કહેવત છે કે **લાભથી લોભ વધે.** વાનર બનેલા નરે પોતાની સ્ત્રીને કહ્યું... ''ચાલ, આપણે ફરીથી સરોવરમાં ઝંપલાવીએ અને દેવ-દેવી બનીએ.. મજા આવી જશે.''

પણ વાનરી નારીનો સ્વભાવ સંતોષી હતો. પોતાના પતિને વિવેકપૂર્વક કહ્યું કે... ''સ્વામીનાથ ! **અતિ લોભ તો પાપનો** બાપ છે'' લોભને થોભ ન હોય. **લોભથી માણસનો સર્વનાશ થાય છે** તેવું સાંભળ્યું છે માટે આપણે માનવ બન્યા તેટલું ઘણું છે. હવે વધુ લોભ સારો નહિ. રહેવા દો, હવે આપણે સરોવરમાં નથી પડવું. પોતાની સ્ત્રીની સમજાવટ છતાં વાનર-નર એકનો બે ન થયો તે ન જ થયો અને લોભમાં ને લોભમાં **''સાહસ વિના સિદ્ધિ નથી''** એમ કહી અચાનક વંજુલ વૃક્ષ ઉપર ચઢી એકલા વાનર-નરે સરોવરમાં ઝંપલાવ્યું.... પત્ની તો દેખતી જ રહી અને સરોવરના પ્રભાવે પોતાનો પતિ પાછો વાનર બની ગયો... માનવ ખોળિયું ખોઈ બેઠેલા પોતાના પતિની અવદશા ઉપર એ નારી આંસુ સારતી રહી...


**સંતોષીને ફાયદો જ થાય છે. લોભીને નુકસાન જ થાય** તે જગતનો સનાતન સિદ્ધાંત સાચો ઠર્યો...

બાળકો : ૧. **''અતિ લોભી સૌથી વધુ દુઃખી છે અને સંતાષી સદાય સુખી છે ''આ સૂત્ર જીવનમાં કાયમ યાદ રાખશો.**

**૨. ઈચ્છા અને અપેક્ષઓ તો થયા જ કરે છે. તે પૂરી ન થાય તો અફસોસ ન કરવો.. પુણ્યાધીન છે.**

**૩. માનવ ભવ મળ્યો છે તેમાં સત્કર્મ કરજો... નહીં તો આ ભવ નિષ્ફળ જશે.**

(૧૬) આનું નામ પ્રભુ ભક્તિ



# ❀ આનું નામ પ્રભુ ભક્તિ ❀

રાજસ્થાનમાં બ્રાહ્મણવાડા નામનું ગામ. ગામમાં નાનું પણ સુંદર મજાનું દેરાસર. દેરાસરનો પૂજારી તેનું નામ રામદાસ. આ રામદાસ પૂજારી મટી ભગવાનનો ખરો ભક્ત બની ગયો અને રોજ પૂજા કરતાં કરતાં તેનું સમગ્ર જીવન પ્રભુ ચરણે સમર્પિત કરી દીધું હતું. **પ્રભુ પ્રત્યે તુંહી તુંહીનો ભાવ હતો.** ભગવાનને સાક્ષાત માની પૂજતો હતો.

એક દિવસની વાત છે, મંદિરમાં ભગવાનનાં આભૂષણોની ચોરી થઈ. સવારે પૂજારી રામદાસે દેરાસર ખોલ્યું ત્યારે આ વાતની ખબર પડી. પૂજારીએ સંઘના આગેવાનોને જાણ કરી કે ''દેરાસરમાં રાત્રે ચોરી થઈ છે.''

આ બાજુ તરત જ સંઘ ભેગો થયો. ચોરી અંગે વિવિધ વિચારણાઓ આવી. કેટલાકે શંકાઓ પણ વ્યકત કરી તેમાં આગેવાનોને થયું કે કદાચ પૂજારી પોતે આમાં સંડોવાયેલ તો નહીં હોય ? તેને બધી ચાવીઓ સોંપી દીધી છે. ધન દેખીને ધનવાનનું મન પણ ફરી જાય તો પૂજારીનું શું ગજું ?

આ વાત પૂજારી રામદાસ એક ખૂણામાં ઊભો ઊભો સાંભળતો હતો. સંઘે પણ તે વાતને મહત્ત્વ આપી નક્કી કર્યું કે પૂજારીને બોલાવો અને ચોરની તપાસ કરવાનું કામ તેને જ સોંપો... રામદાસને સહુની સામે બોલાવી કહ્યું ''ભાઈ રામદાસ દેરાસરમાં કોણ આવે-જાય તેની તને ખબર હોય તું જ ચોરને પકડી લાવ.'' સંઘ કે આગેવાનોને ક્યાં ખબર છે.. કે ''આ રામદાસ હવે પૂજારી નથી પ્રભુ ભક્ત છે. ભક્ત તો ભગવાનની ભક્તિ કરે, ચોરી કરે... નહીં, કરાવે નહીં. ચોરીથી રામદાસને જે દુઃખ છે તેટલું દુઃખતો આગેવાનોને પણ ક્યાંથી હોય ? પણ હૈયાના ભાવને કોણ ઓળખી શકે ? આથી એ જવાબદારી આવી રામદાસને માથે.

પૂજારી રામદાસ આખી વાતનો અણસાર પામી ગયો અને તેને પારાવાર દુઃખ થયું પણ કરે શું ? ઉદાસ થઈ ગયો. રાત પડતાં સમયસર દેરાસર બંધ કરી બહાર બેસી રામદાસ પૂજારીએ ભગવાનની સામે અંતરના ભાવથી વિનંતી કરી કે **''ઓ મારા નાથ ! તું મારો ધણી બન્યો છે અને હું તારો દાસ છું - ભક્ત છું તેવી ખુમારી સાથે ઊંચા મસ્તકે ફરું છું, તારા જેવા નાથ મળ્યો પછી મારે શાની ચિંતા !**

તું મારી જરાક વાત સાંભળી લે અને મારી લાજ-ઇજ્જત તું સાચવી લે ઓ મારા નાથ...! તું તો બધું જ જાણે છે હું શું જાણું. ''આ ચોર તો તારે જ પકડી લાવવો પડશે. મને વિશ્વાસ છે કે તું બેઠો હોય પછી મારે ઉજાગરો કરવાનો ના હોય. હું તો આરામથી ઊંઘી જવાનો... તું જાગજે મારા નાથ... તું જાગજે અને જે હોય તે નિવેડો લાવજે.

પ્રભુને વીનવી રામદાસ તો નિશ્ચિંત થઈ ઊંઘી ગયો અને ખરેખર ચમત્કાર થયો કે બીજા દિવસે વગર મહેનતે મુદ્દામાલ સાથે ચોર પકડાઈ ગયો. રામદાસને ખબર પડી અને દોડ્યો પ્રભુ પાસે... પ્રભુને વીનવવા લાગ્યો... પ્રભુ તેં મારી લાજ રાખી છે **પ્રભુ ! તારી પાસે આવનાર ક્યારેય દુઃખી ન થાય, હેરાન ન થાય પ્રભુ ! ચોર તારી પાસે આવીને ગયો છે તેને કોઈ હેરાન ન કરે તેનું ધ્યાન તું રાખજે.** ''જાણે પ્રભુએ ફરીથી ભક્તની વાત સંભળી હોય તેમ લોકોએ ચોરને હેરાન-પરેશાન કર્યા વગર છોડી દીધો... જતાં જતાં **બધાએ થોડા થોડા પૈસા આપ્યા અને કોઈ ધંધો કરજે.** આ ચોરીનો ધંધો છોડવા શિખામણ આપી રવાના કર્યો.

બાળકો : ૧. **ભગવાન ઉપર પૂરી શ્રદ્ધા હોય તેની વાત ભગવાન સાંભળેજ.**

૨. **ક્યારેય કોઈની ઉપર ખોટો આરોપ મૂકવો નહીં.**

૩. **ગુનેગાર હોય છતાં તેનું ભલું ઇચ્છવું. ક્યારેક લાચારીમાં ગુનો કરવો પડતો હોય તે શોધી નવો માર્ગ બતાવવો.**

૪. **ગુનેગાર પણ સુધરી શકે છે.**

**સુભદ્રાબેન રમણલાલ શાહ**
૧, ઈશાવાસ્યમ બંગલોઝ, સેટેલાઈટ,
અમદાવાદ - ૩૮૦૦૧૫. (ઉ.૮૪)
વિસસ્થાનક તપ (ઉપવાસથી)
નવપદજીની ઓળી (વિધિ સાથે)



**અર્પિત અભયભાઈ કાંતિલાલ શાહ**
એ-૪૦૨, ક્રિષ્ણા ટાવર, ૧૦૦' રોડ,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫. (ઉ.૧૩)
ફોન : ૨૬૭૬૪૨૧૭
સામાયિક સુત્રો



**ખુશી કલ્પેશભાઈ કાંતિલાલ ભોટાણી**
બી-૧૦૨, સાગર સમ્રાટ ટાવર,
ટાઈમ્સ ઓફ ઈન્ડિયા રોડ, સેટેલાઈટ,
મુરલી એપા.સામે, અમદાવાદ-૧૫.
મો. ૯૪૨૬૪ ૪૭૯૦૨



**માહી હાર્દિક સંઘવી (ઉ. ૪)**
ડી-૧૦૧, ધનંજય ટાવર,
૧૦૦' રીંગ રોડ,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
ફોન : ૨૬૯૩૧૫૦૧



**ખુશી ચિંતન ઉમેશભાઈ શાહ**
(ઉ.૫ વર્ષ)
૧૧, ઈશાવાસ્યમ બંગલોઝ, સેટેલાઈટ,
લવકુશ સોસા. પાસે, અમદાવાદ.
વિવિધ તપશ્ચર્યા




**માહિન મનનકુમાર શાહ (ઉ. ૬ માસ)**
C/o.જીતેન્દ્ર વિરચંદભાઈ શાહ
બી-૩૭, સોમેશ્વર રો-હાઉસ, કોમ્પલેક્ષ-૧,
રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
ફોન : ૨૬૭૬૬૪૭૧




**પક્ષાલ પ્રિતેશભાઈ યશવંતભાઈ શાહ**
૬૩, વૃંદાવન બંગલોઝ, સેટેલાઈટ, મેડીલીંક
હોસ્પીટલના ખાંચામાં, સેટેલાઈટ,
અમદાવાદ-૧૫. ફોન : ૨૬૭૬૪૫૩૫
નિત્ય પ્રભુ દર્શન, પાઠશાળા




**વિહાર - પરિહાર કૈવન દોશી**
(ઉ. ૧૨ વર્ષ) (ઉ. ૯ વર્ષ)
એ-૫૨, શ્યામલ રો-હાઉસ, સેટેલાઈટ,
અમદાવાદ-૧૫. (અઠ્ઠાઈ તપ, ગલ્લાના તપ,
નિત્યપુજા દર્શન, ધાર્મિક અભ્યાસ)



**આશ્કા સુકેતુભાઈ અશોકકુમાર શાહ**
એ-૫૦૨, કલાદિપ ફ્લેટ્સ, ૧૦૦' ફૂટ રીંગ રોડ
ધનંજય ટાવર પાછળ, સેટેલાઈટ,
અમદાવાદ-૧૫. મો. ૯૩૨૭૫૧૪૩૫૫
(ઉ. ૧૧ વર્ષ) સાતલાખ સુત્ર




**અનુજ પરેશભાઈ શાહ (ઉ.૧૦)**
૬/૧૪૫૯, દડંગવાડ, નવસારી.
મો. ૯૮૨૫૯ ૭૦૧૦૩
બે-પ્રતિક્રમણ, નિત્યપૂજા, પાઠશાળા



**કોમલ નિમિષભાઈ હસમુખભાઈ ચુડગર**
૧૪, સાનિધ્ય બંગલો, ૧૩૨' રીંગ રોડ,
સેટેલાઈટ, અમદાવાદ. ફોન : ૨૬૭૬૨૩૦૮
ધો-૮, ચિત્રરંગપૂરણીમાં શોખ



**નૈસાર હિતેશભાઈ નરેન્દ્રભાઈ શાહ**
૧૭, અશ્વમેઘ બંગલો, વિ-૫,
સેટેલાઈ રોડ, અમદાવાદ - ૧૫.
ફોન : ૨૬૭૬૬૨૦૦ (ધો. ૪)
(ઉ. ૯ વર્ષ) નિત્યદર્શન, પાઠશાળા



**કવિષ પરાગભાઈ ગાઠાણી**
૨, સ્વીનગર બંગલો, ૧૩૨ રીંગ રોડ,
સેટેલાઈટ, અમદાવાદ. (ઉ.૧ વર્ષ)
નિત્ય દર્શન, નવકાર મંત્રનું શ્રવણ

**મંજુલાબેન ચીનુભાઈ શાહ**
(અગરબત્તીવાળા)
૩, પ્રસાદ પાર્ક, મેડીલીંક હોસ્પીટ પાસે,
સોમેશ્વર જૈન દેરાસર સામે,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

કાયમી સૌજન્ય : **રીષભ ચીરાગકુમાર મહેતા**
૨, સ્વીનગર, સોસાયટી, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.

JAMBOODWEEP PRINTERS
94270 36856, 98798 96170